'Sunday eMahefil'
**'Gujaratilexicon' & 'Utkarsh'**
Extend Greetings
and Good Wishes to
All Dear Readers
**Happy Xmas**
**&**
**The New Year**
**2008**
**25 December 2007**
****

# ગઝલ-લક્ષ્મી

--લક્ષ્મી ડોબરીયા

.૧.(પાન-૪૩)
અહમ્ છોડી દઈ, તું વાત પોતાની; કરી તો જો,
અરીસો બોલશે સાચું, ચહેરો તું ધરી તો જો !

નસીબે હોય તો મળશે, ભલે પાસા પડે અવળા,
સમયનું રુપ ધારીને, સમય સાથે સરી તો જો !

નહીં દેખાય, એવાં ઝાંઝવા છે આંખની અંદર,
તને, એ આપવા તૈયાર છું, ખોબો ભરી તો જો !

કરે છે, સાત દરીયાને તરી જાવાનો દાવો તું,
છલોછલ લાગણીનું છે સરોવર, એ તરી તો જો !

પછીથી ઉંઘ આંખોમાં નહીં આવે કદી લાંબી,
ખુશીથી વેદના, સંવેદના સાથે ફરી તો જો !

.૨.(પાન-૪૭)
સમયને હાથ જોડ્યા તોય, પાછો ક્યાં વળે છે જો?
અને, માગ્યા વગર પીડા બધી, આવી મળે છે જો !

કદી વાસંતી સપનાં આંખમાં રોપ્યાં હતાં એથી,
હવે તો પાનખર પણ, થૈ ગુલાબી ને ફળે છે જો.

હથેળી બંધ છે ને, કાલ પણ એમાં સલામત છે,
છતાં યે બીક રાખી, 'આજ' કેવી સળવળે છે જો ?

છલોછલ, બારમાસી લાગણી કેરા સરોવરમાં,
અધુરી ઝંખના, ટોળે વળીને ટળવળે છે જો.

સમય, સંજોગ ને ગ્રહોતણા, માંડીને વરતારા,
તું મનગમતી કરીને વાત, ખુદને પણ છળે છે જો !

.૩.(પાન-૪૮)
દુઆઓ હાથને, બે આંખની એવી ફળી, આજે;
ખુશીની ચાર પળ સંગે, ઉદાસી પણ મળી આજે !

હવા પાસે હતા ટહુકા વસંતોના, જરીક લીલા,
અને જો પાનખરની પીડ પણ એમાં ભળી આજે !

કરીને લાખ કોશીશ હું સમય સાથ ચાલી, પણ-
મીલનની આખરી આશા, નીરાશામાં ઢળી આજે !

થઈ ઉદાર ને, આપી ખુશી; લીધું દરદ સઘળું,
વીતેલી ક્ષણ, તરત અવસાદથી પાછી વળી આજે !

નથી પાળી, નથી પોષી, અદીઠી ને અજાણી છે,
છતાં યે જીવ સાથે, ઝંખનાને સાંકળી આજે !

.૪.(પાન-૫૦)
શ્વાસ રોકી ને યુગોથી, જોઈ મેં તો રાહ છે !
સાવ તળીયે મેં છુપાવી, તોય નીકળી આહ છે !

મેં લખી'તી વારતા, તુટી ગયેલાં સ્વપ્નની,
હું દીલાસો ચાહતી'તી પણ; મળી એ દાહ છે !

કોણ, કોને સાંભળે ? એ વાતની તકરારમાં,
મૌનની ભાષા ઉકેલી, શબ્દ તો ગુમરાહ છે !

નામની માળા જપો, કે નામની આપો કસમ,
એકમાં અગીયાર છે, એ ઓમ ને અલ્લાહ છે !!

.૫.(પાન-૫૨)
કાં લાગણી, કાં વેદના, કળતર મળે !
અપવાદથી ખાતાવહી સરભર મળે !

તારી કને પથ્થર સરીખા પ્રશ્ન ને-
મારી કનેથી, ફુલ સમ ઉત્તર મળે !

મનડા મહીં ઘુંટયા કરું છું, રંગ હું,
નીશ્ચીંત છું; ફાગણ મળે, ચૈતર મળે !

છે સાર, મારી જાતનો બસ એટલો-
દુઃખો સતત ને સુખ અહીં પળભર મળે !

અસ્તીત્વ મારું દંભ છે, સાબીત થયું,
દર્પણ મહી ચ્હેરો જુદો નહીતર મળે ?

એથી ગઝલને નોંતરું છું જીવથી,
કે, શબ્દ રુપે આખરે ઈશ્વર મળે !

.૬ .(પાન-૫૩)
કારણ અગર આપી શકે, અટકળ તણાં સંદર્ભમાં,
તો ધારણા તું બાંધજે, મૃગજળ તણાં સંદર્ભમા !

પુજા કરીને રીઝવ્યા છે શબ્દને, એથી જ તો-
બોલી શકી વ્યથા હવે, અંજળ તણા સંદર્ભમાં !

સંયોગ કેરા યોગથી, જો દ્વાર પર આવી ખુશી,
થીજી જશે જો સમય, એ પળ તણાં સંદર્ભમાં !

નો'તી ખબર રુઝાયેલા ઝખ્મો બધાં તાજાં થશે,
ચર્ચા કરી'તી મેં સહજ, બાવળ તણા સંદર્ભમાં !

આકાશની ઉદારતા ઓઢી, ધરા ખીલી ગઈ,
દ્વીધા અને મંથન હવે છે, ફળ તણાં સંદર્ભમાં !

પાંપણ ઉપર મ્હોર્યો હતો, ફાગણ મઝાનો કેસરી,
વાતો કરે છે કેસુડાં, કાજળ તણાં સંદર્ભમાં !

.૭ .(પાન-૫૪)
પાંદડું બોલ્યું હતું, ફુટવાની ક્ષણ વીશે !
સાંભળી ફુલો હસ્યા, ચુંટવાની ક્ષણ વીશે !

આજ મેં ઢાળી નજર, તો સમય થંભી ગયો !
શબ્દને સમજાવવા, ઘુંટવાની ક્ષણ વીશે !

આંખમાં સપનું જરી, બેસવા આવ્યું હતું,
તો, હકીકત ચેતવે, તુટવાની ક્ષણ વીશે !

સામસામા દોડશે એક થાવા રણ મહીં,
ઝાંઝવા જો જાણશે, ખુટવાની ક્ષણ વીશે !
મૌનના ખડકો પછી, ઓગળી છલકી જશે ?
જો ખબર પડશે તને છુટવાની ક્ષણ વીશે !

.૮.(પાન-૫૬)
ટહુકો ઓઢી પીડા આજે, ડાળે ડાળે ફરવા જાય,
ભીતરના ખાલીપાને, એ પડઘા પાડી ભરવા જાય !

સંજોગો ચાલ્યા લાગે છે, ઉંધા પગથી આડી ચાલ,
એથી તો  નાકરવાના સૌ; કાર્યોને મન કરવા જાય !

વૃક્ષોના થડમાં સીંચે છે, તમરાં લીલા-પીળા ગીત,
ને, અંધારાના દરીયામાં, ઝગમગ ચાંદો તરવા જાય !

વીતેલી ક્ષણ ક્ષણને મેં તો, મુઠ્ઠીમાં રાખી છે કેદ !
હંસો જેવી દ્રષ્ટી લઈને, શમણાં એને ચરવા જાય !

આછાં આછાં અંધારામાં, મોતી વરસ્યા આખી રાત,
ફુલો એને ઝીલીને લ્યો, અજવાળાંને ધરવા જાય !
.૯.(પાન-૫૭)
આસમાની ખેતરે
ચાંદની પ્હેરો ભરે !

નાવ મઝધારે હતી,
ને, કીનારો થરથરે !

આખરે જો લાગણી,
વેદનાને નોતરે.

કાનમાંથી નીકળી
વાત પ્હોંચે ચોતરે !

વાંસળીની પીડ, ખુદ-
વાયરો લઈને ફરે.

ટાંકણું થૈ છંદ આ,
શબ્દ કેવાં કોતરે !

સ્મીત જેવું સ્મીત પણ,
ઘાવ જુના ખોતરે !
--લક્ષ્મી ડોબરીયા

સંપર્ક : ‘સમન્વય’ ૯-નેહરુનગર, નાના મવા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૪ ફોન : (૦૨૮૧)૨૩૩ ૨૧૬૯

‘શ્રી ગઝલ’-- પાંચ કવીઓનો સંયુક્ત ગઝલ સંગ્રહ’ (પ્રકાશકઃ ‘રચના’ પરીવાર, રાજકોટ, મુખ્ય વીક્રેતાઃ પ્રવીણ પુસ્તક ભંડાર, મ્યુ.કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧ ફોનઃ ૦૨૮૧- ૨૨૩ ૨૪૬૦, ૨૨૩ ૪૬૦૨, મુલ્ય- રુપીયાઃ ૫૫ , પ્રથમ આવૃત્તીઃ ૨૦૦૫, પુનર્મુદ્રણ-૨૦૦૫)માંથી સાભાર...



## કવયીત્રી પરીચય

કચ્છના અંજારમાં ૧૯૬૨માં જન્મેલાં કવયીત્રી **લક્ષ્મીબહેન ડોબરીયા** હાલ રાજકોટમાં રહે છે. બે દાયકાથી કાવ્ય-સર્જન ક્ષેત્રે પ્રવૃત્ત લક્ષ્મીબહેને ગીતો અને અછાંદસ રચનાઓ પણ આપી જ છે છતા; તેમનો મુકામ તો ગઝલ જ છે. અન્ય ચાર કવીઓ સાથે તેમનો એક સંયુક્ત ગઝલસંગ્રહ **‘શ્રી ગઝલ’** (વીગત ઉપર આપી છે)નામે પ્રકાશીત થયો છે. ગુજરાતી કવીતાના પ્રસીદ્ધ સામયીકોમાં અવારનવાર એમની રચના પ્રગટ થતી રહે છે. રાજકોટ-અમદાવાદ દુરદર્શનના કાર્યક્રમોમાં પણ ઘણીવાર તેઓ પોતાની રચના રજુ કરે છે. રાજકોટની સાહીત્યીક સંસ્થાઓ ‘રચના’, ‘સરગમ ક્લબ’, ‘સરમંદીર’ વગેરેની પ્રવૃત્તીઓમાં પણ તેઓ સક્રીય રહે છે. વાચનના વ્યસની લક્ષ્મીબહેનની ગઝલોમાં પણ તેમના મૌલીક ચીંતનની ગહનતા પમાય છે.

ગુજરાતી સાહીત્યમાં ખાસ કરીને કાવ્ય સર્જનક્ષેત્રે બહેનું પ્રમાણ અલ્પ છે. ત્યારે લક્ષ્મીબહેન આ ક્ષેત્રે આગવું પ્રદાન અર્પીને અન્ય બહેનો માટેય પ્રેરણા રુપ બન્યાં છે..

--મનસુખ નારીયા અને ઉત્તમ ગજ્જર

(ગઝલ-સંપાદનની જવાબદારી સ્વીકારવા બદલ કવી મીત્ર શ્રી. મનસુખ નારીયાનો અને અક્ષરાંકન માટે મીત્ર સુનીલ શાહનો દીલથી આભાર..ઉત્તમ..)

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 133 — December 23, 2007
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ sunras22266@gmail.com

## ● મધુરેણ સમાપયેત્ ●




I thought.., you guys celebrate Christmas!

પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્રભાઈ શાહનો

ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની

web site : www.ameamericanamdavadi.com

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 133 — December 23, 2007
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ sunras22266@gmail.com